| | |
|---|---|
| રજુ તારીખ | ૨૮/૧૦/૨૦૨૦ |
| દાખલ તારીખ | ૨૮/૧૦/૨૦૨૦ |
| ફેંસલ તારીખ | ૧૬/૦૯/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ:૦૨માસ:૦૮દિન:૧૯ |

**<u>મે. મજુર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી કે.એન.સરવૈયા સાહેબ સમક્ષ.</u>**

રેફરન્સ (ટી) નં. :૪૭૮/૨૦૨૦
આંક-૮

<u>પ્રથમ પક્ષકાર</u> : મેનેજરશ્રી,
સાયોના એન્ટરપ્રાઈઝ,
પ્લોટ નં. ૩૦૩,૩૨૨, ગુજરાત વેપારી મહા મંડળ,
ઓઢવ, અમદાવાદ.

: <u>વિરૂધ્ધ</u> :

<u>બીજા પક્ષકાર</u> : શ્રી નારાયણભાઈ કમલ મહતો,
ઠે. મચ્છુનગર, પપ્પુભાઈના મકાનમાં, ગરનાળાની બાજુમાં,
જીઆઈડીસી, વટવા, અમદાવાદ.
કે.ઓફ ન્યુ ગુજરાત મજદુર મંચ,
ઠે. ૧૮, મંજુરખાનની ચાલી, રામનગર, ભીલવાડા,
અમરાઈવાડી, અમદાવાદ-૨૬.

<u>હાજર રહ્યા</u> : પ્રથમ પક્ષકાર તરફે : કોઈ નહી.
બીજા પક્ષકાર તરફે : વિ.પ્ર. શ્રી એ.આર.મીશ્રા.

**-:: એવોર્ડ ::-**

૧. આ કામમાં સગવડતા ખાતર હવે પછી આ કામના બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકારોને અનુક્રમે 'અરજદાર' અને 'સામાવાળા' તરીકે સંબોધવામાં આવશે.

૨. આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, અમદાવાદ સમક્ષ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદ

નાઓએ તેમના હુકમ ક્રમાંક : નાશ્રઆ/અવિ/વિ–૩/આઈડીઆર/૩૭/ વર્ષ–૨૦૨૦ નં. ૨૬૦૫૯ થી તા.૧૨–૧૦–૨૦૨૦ના રોજ ઔદ્યોગીક વિવાદનું સમાધાન નહી થતાં, અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસુચિ નીચે મુજબ છે.

શ્રી નારાયણભાઈ કમલ મહતો, ને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપીત કરવા જોઈએ કે કેમ?

૩. આ કામમાં બીજા પક્ષકારે આક ૫ મુજબ માંગણા નીવેદન રજુ કરેલ અને પ્રથમ પક્ષકારને નોટીસ બજવા છતાં હાજર ન રહેતાં અરજદારે આક ૭ થી જવાબ નો હકક બંધ કરવા અરજી આપેલ જે મંજુર કરેલ અને ત્યારબાદ તા. ૨૯/૦૬/૨૦૨૨ થી કેસ અરજદારનાં પુરાવા પર ચાલુ છે અને ત્યારબાદ અરજદાર તરફે કોઈ હાજર રહેલ નથી જેથી અરજદારનાં પુરાવાનો હકક બંધ કરેલ અને સામાવાળા તરફે કોઈ હાજર ન હોય પુરાવાનો હકક બંધ કરેલ અને તે સંજોગોમાં અરજદારને તેમનો હાલનો કેસ ચલાવવામાં રસ ન હોવાનું જણાઈ આવે છે. જેથી અરજદાર તેમના રેફરન્સ કેસની હકીકત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે.

૪. લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલનો એવોર્ડ પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૧૬–૦૯–૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

**(કુત્બુદીન નુરમોહંમદ સરવૈયા )**
**CODE : GJ00966**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ નં. ૨, અમદાવાદ.**